**Divya Bhaskar**

https://www.divyabhaskar.co.in/local/gujarat/ahmedabad/news/ediis-event-saw-25-contestants-pitch-their-business-ideas-to-an-investor-panel-132451760.html

## નેશનલ સ્ટાર્ટઅપ-ડેની ઉજવણી:EDIIના કાર્યક્રમમાં 25 સ્પર્ધકોએ તેમના બિઝનેસ આઈડિયા ઇન્વેસ્ટર પેનલ સમક્ષ રજૂ કર્યા

અમદાવાદ18 કલાક પેહલા

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા(EDII)એ મંગળવારે નેશનલ સ્ટાર્ટઅપ ડેની ઉજવણી કરવા માટે એક અનોખા કાર્યક્રમનું આયોજન કર્યું હતું. ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ કમિશનરેટ ડિરેક્ટર આઈએએસ પી. બી. પંડ્યા, અતિથિવિશેષ તરીકે રહેલા ગ્રોથ 91ના ફાઉન્ડર જિમિષ કાપડિયા, વિશેષ અતિથિ પદે લિમ્ફોન બાયોલોજિક્સના કો-ફાઉન્ડર અને ચીફ સાયન્ટિફિક ઓફિસર નિલેશ પટેલ તથા ઈડીઆઈઆઈના ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશનના ડિરેક્ટર ડો. સત્ય રંજન આચાર્યની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ ઇવેન્ટ ઈડીઆઈઆના વાર્ષિક આંત્રપ્રિન્યોરશિપ ફેસ્ટિવલ એમ્પ્રેસારિયોનું કર્ટન રેઝર પણ હતી. એમ્પ્રેસારિયોની 2024ની થીમ છે, ટેક ઇનોવેશન ફોર સસ્ટેનેબલ ફ્યુચર.

……contd.
https://www.divyabhaskar.co.in/local/gujarat/ahmedabad/news/ediis-event-saw-25-contestants-pitch-their-business-ideas-to-an-investor-panel-132451760.html